શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ માટે ૨૧૬૯૬ કરોડ ની જોગવાઈ કરવામા આવી

ગુજરાત ના શહેરો લિવેબલ અને લવેબલ બને તેના માટે નાણા મંત્રી માન.કનુભાઈ એ પ્રયાસ કર્યો છે તેને હુ આવકારુ છું.

નગર એટલે નળ,ગટર,રસ્તા દેશ ના વડાપ્રધાન માન.નરેન્દ્રભાઈ એ હર ઘર જળ યોજના અંતર્ગત દેશ ના છેવાડા ના માનવીના ઘરે પાણી પહોંચાડવાનો પ્રયત્ન કરેલ છે.

ગત વર્ષો મા નગરપાલીકાઓ મા પાણી પુરૂ પાડવા વિવિધ યોજના હેઠળ ૧૫૨૦ કરોડ રૂપિયા ફાળવવામા આવ્યા છે જેમાના ૧૫૯ કામો પૈકી ૧૫૬ કામો પૂર્ણ થયા છે ૩ કામો ચાલુ છે.

નગરપાલીકાઓ મા ગંદા પાણી ના સુરક્ષીત નીકાલ માટે ૫૬૩૬ કરોડ ના ૧૭૮ કામો ને મંજુરી આપવા મા આવી હતી જેમા ના ૧૭૨ કામો પુરા થયા છે ૬ કામો પ્રગતી મા છે.

ગંદા પાણી ના સુધ્ધીકરણ માટે એસ.ટી.પી ના નિર્માણ ચાલી રહયા છે.

સ્માર્ટ સીટી મીશન હેઠળ સી.સી.ટી.વી કેમેરા તથા શહેર ના આધુનીકરણ ના કામો ચાલી રહયા છે.

રેલ્વે ઓવરબ્રીજ/અન્ડરબ્રીજ (ROB/RUB] કરોડો રૂપિયા ફાળવવામા આવ્યા છે.

મેટ્રો રેલ...

સાબરમતી રિવરફ્રન્ટ...

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

વર્ષ ૨૦૨૪-૨૫ના અનુદાનો માટેની માંગણીઓ પરની
ચર્ચા વખતે વિધાનસભા ગૃહમાં
માનનીય ધારાસભ્યશ્રી અમિતભાઇ શાહએ
આપવાનું વક્તવ્ય

તારીખ - ૧૩/૦૨/૨૦૨૪

# શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વર્ષ ૨૦૨૪-૨૫ના અનુદાનો માટેની માંગણીઓ પરની ચર્ચા

ચર્ચાનો દિવસ : તા.૧૩/૦૨/૨૦૨૪

માનનીય ધારાસભ્યશ્રી

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યોજનાઓ ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માંગુ છું.

## રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન

- સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના પુન:ગઠિત થઇ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન [National Urban Livelihoods Mission (NULM)] તરીકે તા.૨૪/૯/૨૦૧૩ થી અમલમાં આવેલ છે અને ગુજરાત રાજ્યમાં મિશનના અમલીકરણ માટે એક અલાયદા સેલ તરીકે ગુજરાત શહેરી આજીવીકા મિશનની રચના કરવામાં આવેલ છે. જેનો ઉદ્દેશ શહેરી ગરીબ કુટુંબોને લાભપ્રદ સ્વ-રોજગાર અને કૌશલ્યપુર્ણ વેતન રોજગારની તકો પુરી પાડી તેમની ગરીબી અને નબળાઇઓ ઘટાડવી અને આજીવિકાનું સ્તર ઉપર લાવવું.
- આ યોજના વસતિ ગણતરી ૨૦૧૧ મુજબ એક લાખ અથવા એક લાખ થી વધુ વસ્તી ધરાવતા શહેરો તેમજ જિલ્લાનું મુખ્ય મથક હોય તેવા શહેરોમાં અમલીકૃત થયેલ છે, ગુજરાત રાજયની ૩૦ નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકામાં અમલીકૃત થયેલ જયારે સરકારશ્રીના તા.૨૯/૧૧/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ એનએલએમ/૧૦/૨૦૧૬ /૪૫૯૭૫૧/હ થી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન તા.૧/૧૧/૨૦૧૬ થી રાજયની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૭ નગરપાલિકાઓમાં અમલીકૃત થયેલ છે.
- સદર યોજના અંતર્ગત નીચે દર્શાવ્યા મુજબના ૬ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

  ૧. શહેરી શેરી-ફેરીયાઓને સહાય.

  જેમાં શહેરી શેરી-ફેરિયાઓનો સર્વે કરી તેમને ઓળખકાર્ડ આપવા તેમજ શહેરી વિસ્તારોમાં શેરી-ફેરિયાઓ માટે વેન્ડીંગ ઝોન નક્કી કરી તેમની વાણિજ્ય પ્રવૃતિઓ માટે અલાયદી વ્યવસ્થા કરવાનું આયોજન છે.

## ૨. ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રયની યોજના

ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રયની યોજનાનો ઉદ્દેશ શહેરી સમાજના સૌથી ગરીબ વર્ગને કાયમી, બારમાસી ૨૪ × ૭ આશ્રય અને અન્ય તમામ આવશ્યક સેવાઓ પૂરી પાડવા માટેનો છે.

## ૩ કૌશલ્ય તાલીમ મારફત રોજગારી આપવી

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત કૌશલ્ય, તાલીમ અને સ્થળ-નિર્ધારણ દ્વારા શહેરમાં રહેતા ગરીબ, બિન-કુશળ લોકોને તાલીમ પૂરી પાડવામાં આવશે, જેથી તેઓ સ્વ રોજગાર/રોજગારી મેળવી શકે.

## ૪. સ્વ-રોજગાર કાર્યક્રમ

શહેરી ગરીબ વ્યકિતઓ / જૂથોનાં કૌશલ્યો, તાલીમ, વિશેષ અભિરૂચિ અને સ્થાનિક પરિસ્થિતીને અનુકૂળ હોય એવાં લાભપ્રદ સ્વરોજગાર સાહસો / લઘુ ઉદ્યોગ સાહસો ઊભાં કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. બેંકની લોન મેળવતા તમામ વ્યકિતઓ / જૂથોને ૭ ટકા વ્યાજદરથી વધુ વ્યાજદર પર વ્યાજુકી સહાય ચુકવવામાં આવશે.

## ૫. સામાજિક અને સંસ્થાકીય વિકાસ

જેનો ઉદ્દેશ ૧૦ થી ૨૦ પુરુષો કે મહિલાઓના સ્વસહાય જૂથો બનાવી તેઓ બચત કરી અને લોન લઈ પોતાનું જીવન ધોરણ સુધારી શકે તે માટે તેઓને એક વખત રૂ.૧૦,૦૦૦ની ફરતા ભંડોળની સહાય પૂરી પાડવામાં આવશે અને Area Level Federations ને વધુ રૂ.૫૦,૦૦૦ ની સહાય પુરી પાડવામાં આવશે.

રાજ્યના શહેરોમાં વસ્તીના આધારે આજીવિકા કેન્દ્ર સ્થાપવામાં આવશે અને તે માટે રૂ.૧૦ લાખની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે.

## ૬. ક્ષમતા નિર્માણ અને તાલીમ

જેનો હેતુ રાજ્યમાં આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય તથા શહેરી ગરીબી નિવારણની હવાલો ધરાવતી રાજય કક્ષાની એજન્સીઓ, શહેરી આજીવિકાને પ્રોત્સાહન આપી શકે તથા શહેરી ગરીબી નિવારણના ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતી કામગીરી કરી શકે તે માટે ક્ષમતા વર્ધન કરવાનો છે.